# E-workshop on Export Control

September 22, 2020

# નિકાસ નિયંત્રણ પર ઈ-વર્કશોપ

સપ્ટેમ્બર 22, 2020

ઈન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ સાથે સહકારમાં વિદેશ મંત્રાલય દ્વારા 18 સપ્ટેમ્બર 2020 નાં રોજ સંવેદનશીલ, દ્વિ-વપરાશ માલસામાન અને ટેકનોલોજીની નિકાસ માટેનાં નિયમનો અંગે જાગૃત્તિ વધારવા માટે નિકાસ નિયંત્રણ પર ઈ-વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં આશરે સિત્તેર ઉદ્યોગો અને ઉદ્યોગ-સાહસોએ ભાગ લીધો હતો જેમાં વિદેશ મંત્રાલય, વિદેશ વ્યાપારનાં મહા નિયામક, સંરક્ષણ મંત્રાલય, પરોક્ષ કરવેરાઓ અને કસ્ટમનું સેન્ટ્રલ બોર્ડ અને અનુભવી ઉદ્યોગ પ્રતિનિધિઓએ સંબોધન કર્યું હતું.

આ વર્કશોપમાં ભારતની આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકલન, વિદેશ રોકાણ અને ટેકનોલોજી જોડાણો, રાષ્ટ્રિય સુરક્ષા હિતો, આંતરરાષ્ટ્રિય અપ્રચાર જવાબદારીઓ અને સરકારની 'મેક ઈન ઈન્ડિયા', 'મેક ફૉર વર્લ્ડ' અને 'આત્મ નિર્ભર ભારત' ફ્લેગશિપ પહેલ બાબતોમાં નિકાસ નિયંત્રણ તંત્રોની અગત્યતા અને ફાયદાઓનું આદાન-પ્રદાન કર્યું હતું. રજૂઆતો અને ચર્ચાઓમાં કાયદાઓ, નિયમનો, પ્રક્રિયાઓ, અમલીકરણ યંત્રણાઓ તથા વૈશ્વિક રીતે સ્વિકૃત ભારતનાં ખામીરહિત અપ્રચાર રેકોર્ડ જાળવી રાખવા સ્વસ્થ નિકાસ નિયંત્રણ તંત્ર તરફનાં ઉદ્યોગ શિક્ષણ અને અનુપાલનની અગત્યતાને આવરી લીધા હતા.

આ વર્કશોપ વૈશ્વિક ધારાધોરણોને અનુરૂપ સુસ્થાપિત રાષ્ટ્રિય નિકાસ નિયંત્રણ તંત્ર તરફ ભારત સરકારનાં ચાલું ઔદ્યોગીક પહોંચનાં પ્રયાસોનો ભાગ હતો.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 18, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.